જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૧/૨૦૧૬ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી ૩૬૮ લીટર દેશી દારૂ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૨/૧૬**

**ખોખરાઃ (૧)** અશોકભાઈ રામઈકબાલ દુબે (રહે.પ્રમુખ એપાર્ટમેન્ટ એક્સપ્રેસ હાઈ-વે સામે ખોખરા) એ તા.૨૯/૧/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર હર્ષ (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**(૨)** જલ્પાબહેન કલ્પેશભાઈ રાવળ (રહે.રાવળવાસ ખોખરા) એ તા.૨૯/૧/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી નેહા (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી એમ ચૌહાણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૧૩/૧૬**

**વસ્ત્રાપુરઃ** આશાબહેન નવનીતભાઇ (રહે. સાંવીરા એપાર્ટમેન્ટ મહારાજા અગ્રેસન સ્કુલની બાજુમાં) એ તા.૨૯/૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧/૧૬ બપોરના ૨/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમયાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી કે જે ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૨૧૪/૧૬**

**નવરંગપુરાઃ** દમયંટીબહેન વૃજલાલ પીત્રોડા (રહે.ઉર્વશી ટાવર-૨ કલકત્તા મોટર્સ પાછળ મીઠાખળી નવરંગપુરા) તા.૨૯/૧/૧૬ સવારના ૧૧/30 વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી લેમન ટ્રી હોટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા સ્કુટર ઉપર આવેલ એક પુરૂષ દમયંટીબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ દમયંતીબહેન પીત્રોડાએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી આર જે બોડાત ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૫/૧૬**

**ઘાટલોડીયાઃ** અરૂનભાઇ જીવાભાઇ સોલંકી (ઉ.વ ૨૪) (રહે. નળીયાવાળી ચાલી ૩૦ ઓરડી રામાપીરનો ટેકરો નવા વાડજ) તા ૨૯/૧/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે અરચન પાર્ટી પ્લોટ ખાતે ભોજન વિભાગમાં સફાઇ કરતા હતા ત્યારે અચાનક જમણા હાથે હથેળીના અંગુઠાના તથા પ્રથમ આંગળીની વચ્ચે ઇલેક્ટ્રીક કરંટ લાગતા નીચે પડી ગયેલ સારવાર માટે સંજીવની હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહમદઇદરીશ શેરૂમિયા ચલાવે છે.

**ત્રીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૬/૧૬**

**ચાંદખેડાઃ** તા.૨૯/૧/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે આંશી પરાગભાઈ જોષી (ઉ.વ.૫) (રહે.શ્યામવેદ સ્ટેટસ આઈઓસી રોડ ચાંદખેડા) ત્રીજા માળે સ્લાઈડર બારીનો કાચ ખોલવા જતા ત્રીજા માળેથી નીચે પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે ઓમ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન સાંજના ૬/૫૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ બી ચાવડા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૧૭/૧૬**

**રીવરફ્રંટ વેસ્ટઃ** શૈલેષભાઈ ગોવિંદભાઈ પટેલ (ઉ.વ.૩૭)(રહે.નૈયા રેસીડન્સી ક્રીશ બંગલોઝની પાછળ વસ્ત્રાલ) એ કોઈ કારણસર તા.૨૯/૧/૧૬ કલાક ૧૦/૧૦ વાગ્યા પહેલા ગાંધીબ્રીજ નીચે પશ્ચીમ કિનારે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** અફસાનાબાનુ ઈમરાનભાઈ નાગોરી (ઉ.વ.૧૯)(રહે.નગ્માનગર છીપા સોસાયટી દાણીલીમડા) એ કોઇ કારણસર તા.૧૫/૧/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૨૯/૧/૧૬ સાંજના ૬/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન એસ પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **ગોમતીપુરઃ** નેહલ ઉર્ફે નેહા ચંદુભાઈ (ઉ.વ.૧૯)(રહે. પટેલ પરમાનંદની ચાલી રખિયાલ રોડ ગોમતીપુર) તા.૨૧/૧/૧૬ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટોપ અને કેસરી રંગની લેધીઝ પહેરી છે. ડાબી આંખ પાસે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૪ ફુટ ૬ ઈંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **ગોમતીપુરઃ** સતિષ નટુભાઈ રાવળ (ઉ.વ.૩૧) (રહે.હોળી ચકલા જેઠા મહેતાની પોળ ગોમતીપુર) તા.૭/૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર કરાવવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને સફેદ રંગની નાઈટી પહેરી છે. જમણા હાથે બાવદા ઉપર જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **ખોખરાઃ** દક્ષાબહેન રમેશભાઈ પુટેલીયા (ઉ.વ.૨૦)(રહે.કાશીબાનગર પાણીની ટાંકીની બાજુમાં હાટકેશ્વર ખોખરા) તા.૨૫/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ટોપ અને સફેદ રંગની લેગીઝ પહેરી છે. જમણા હાથના બાવદા ઉપર છુંદણાથી સ્ટાર અને ડીઝાઈન કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |
| **શહેરકોટડાઃ** તારાબહેન કાંતીભાઈ વણકર (ઉ.વ.૪૨) (રહે.વ્રજ વલ્લભપુરા આણંદજી કલ્યાણજીની ચાલી નરોડા રોડ) તા.૨૦/૧/૧૬ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. લીલા રંગની સાડી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ છે.(શહેરકોટડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૨૫૩૩૮) |  |
| **મણીનગરઃ** સપનાબહેન જયભાઈ ગુપ્તા (ઉ.વ.૨૮)(રહે. અરિહંતબાગ સોસાયટી આદિનાથનગર ઓઢવ) તા.૧૯/૧/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે એલ જી હોસ્પીટલ નજીકથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. મરૂન રંગનુ ગાઉન અને પીળા રંગનુ સ્વેટર પહેર્યુ છે. ડાબા ગાલ ઉપર તલ છે. ઉંચાઇ ૪ ફુટ ૬ ઈંચ છે. (મણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૬૦૦૮૯) |  |
| **ચાંદખેડાઃ** જયાબહેન વિજયભાઈ મનવર (ઉ.વ.૧૯) (રહે.ગાયત્રીનગર ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) તા.૨૨/૧/૧૬ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. રામા રંગનુ ટોપ અને લાલ રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **ચાંદખેડાઃ** પર્મિલા સુખરામ ભંભેરીયા (ઉ.વ.૨૩) (રહે.એલ એન્ડ ટી કોલોની ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) તા.૨૦/૧/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. પીળા રંગનો સાડલો અને ચણીયો પહેર્યો છે. બરડાના ભાગે છુંદણુ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **રામોલઃ** ડેનીશકુમાર પોપટભાઈ દીંગબાજીયા (ઉ.વ.૨૬)(રહે. મંગલમ રેસીડન્સી આર.એ..એફ કેમ્પ સામે વસ્ત્રાલ) તા.૧૩/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. ક્રીમ રંગનુ પેન્ટ અને વાદળી રંગનુ લીટીવાળુ શર્ટ પહેર્યુ છે. કપાળના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૩ ઇંચ છે. (રામોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૫૦૩૦૦) |  |
| **સેટેલાઈટઃ** મેહુલ નરેશભાઈ દરજી (ઉ.વ.૨૭)(રહે.લક્ષ્મીકૃપા હાઉસીંગ સોસાયટી પારસનગર સોલા રોડ નારણપુરા) તા.૧૮/૧/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઈસ્કોન સર્કલ નજીકથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ચોકડીવાળો શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૧ ઈંચ છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| **વટવાઃ** ઈમ્તિયાઝ મુસ્લીમભાઈ અંસારી (ઉ.વ.૨૫) (રહે.ન્યુ મુસ્કાનનગર કેનાલ રોદ વટવા) તા.૧૩/૧૨/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. નાક ઉપર વાગેલાનુ નિશાન છે.ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **વેજલપુરઃ** અફસાનાબાનુ ખાન (ઉ.વ.૧૩)(રહે.કન્યા અનાથ આશ્રમ આમીર પાર્ક સમીર વિહાર સોસાયટી સામે જુહાપુરા) તા.૧૪/૧/૧૬ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે જુહાપુરા અફજલ કન્યા અનાથ આશ્રમ નજીકથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. સફેદ રંગનુ ફ્રોક અને વાદળી રંગનો પાયજામો પહેર્યો છે. કપાળમાં જમણી બાજુ જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૪ ફુટ ૯ ઈંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **નિકોલ :** સુનિલ ઉર્ફે પીંકુસીંગ રવિન્દ્રસિંગ પરીહાર (ઉ.વ.૨૨)(રહે.સર્વોદય કોમ્પલેક્ષ લીલાનગર સામે ઠક્કરનગર નિકોલ લાલજીભાઈના કારખાનામાં) તા.૧૮/૮/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. એક પગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)